પ્રથમ દિવસે વિન્ડિઝ ટીમ ૧૮૨ રન બનાવીને ઓલઆઉટ

મુંબઈ,તા. ૧૪

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પર આજે વિન્ડિઝ સામેની બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે રમત બંધ રહી ત્યારે ભારતે બે વિકેટ ગુમાવીને ૧૫૭ રન બનાવ્યા હતા. પોતાની ટેસ્ટ કેરિયરની અંતિમ ટેસ્ટ મેચ રમી રહેલા સચિન તેન્દુલકર આજે ૩૮ રન બનાવીને નોટઆઉટ રહેતા તેની સદીની આશા જીવંત રહી છે. સચિન ૭૩ બોલમાં છ ચોગ્ગા સાથે ૩૮ રન બનાવીને અણનમ રહ્યો હતો જ્યારે ચેતેશ્વર પુજારા ૩૪ રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. પુજારાએ ૪૯ બોલમાં આ રન બનાવ્યા હતા. અગાઉ વિન્ડિઝની ટીમનો ધબડકો થયો હતો અને સમગ્ર ટીમ માત્ર ૧૮૨ રન રનાવીને ઓલ આઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ઓઝાના તરખાટ સામે વિન્ડિઝની ટીમ ટકી શકી ન હતી. ભારત હવે ૨૫ રન પાછળ છે અને તેની આઠ વિકેટ હાથમાં છે.

અગાઉ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પર આજથી ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી અને અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઈ હતી. આજે સવારે ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ વેસ્ટ ઈન્ડિઝે લંચના સમય પર બે વિકેટ ગુમાવીને ૯૩ રનકર્યા હતા પરંતુ ત્યારબાદ વિન્ડિઝે નિયમિત ગાળામાં વિકેટો ગુમાવી હતી અને સમગ્ર ટીમ ૧૮૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓઝાએ ૧૧.૨ ઓવરમાં ૪૦ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી. સવારે ભારત તરફથી મોહમ્મદ સમીએ પ્રથમ સફળતા અપાવી હતી. ગેલ માત્ર ૧૧ રન બનાવી આઉટ થયો હતો. તે કોલકત્તામાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં પમ સસ્તામાં પેવેલિયન ભેગો થયો હતો. લંચના સમય પાવેલ ૪૫ અને સેમ્યુઅલ શુન્ય રન સાથે મેદાનમાં હતા. પરંતુ ત્યારબાદ વિન્ડિઝના બેટ્સમેનો મેદાન પર ટકી શક્યા ન હતા.

આ ટેસ્ટ મેચની મુખ્ય વિશેષતા એ છે કે આ ટેસ્ટ મેચ માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેન્દુલકરની ૨૦૦મી ટેસ્ટ મેચ છે. તે આ ટેસ્ટ મેચ રમ્યા બાદ નિવૃત થઈ જશે. જેથી તેમના ચાહકો અંતિમ વખત સચિનને પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમતો જોવા માટે પહોંચ્યા હતા. સચિનને લઈને મેદાન પર જોરદાર ક્રેઝ રહ્યો હતો. સચિન તેન્દુલકર વન મેચોમાંથી પહેલા જ નિવૃતિ લઈ ચુક્યો છે. કોલકત્તા ખાતે રમાયેલી આ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે શાનદાર એક ઈનિંગ્સના અંતરે જીત મેળવી હતી. જો કે સચિન તેન્દુલકર કોલકતા ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો હતો. પરંતુ પોતાની કેરિયરની અંતિમ ટેસ્ટમાં સચિન સદી કરે તેવી આશા તેના કરોડો ચાહકો રાખી રહ્યા છે. સચિનની બેટિંગની રાહ ચાહકો જોઈ રહ્યા છે. આજે આ ટેસ્ટ મેચને લઈને પહેલાથી જ મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ ટેસ્ટ મેચની ટિકિટો પહેલાથી જ વેચાઈ ચુકી છે. તાજેતરમાં પટણા ખાતે સિરિયલ બ્લાસ્ટ થયા બાદ હવે પોલીસ કોઈ તક લેવા માંગતી નથી. છેલ્લા સપ્તાહથી સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી હતી. વિન્ડીઝ તરફથી આ ટેસ્ટ રમીને શિવ નારાયણ ચન્દરપોલ તેની કેરિયરની ૧૫૦મી ટેસ્ટ રમી રહ્યો છે.

કર્ણાટકમાં બસમાં વિનાશક આગથી સાત પ્રવાસી ભડથુ

બેગ્લોરથી મુંબઇ જતી બસમાં આગ ફાટી નિકળી અન્ય ૪૦ યાત્રીઓ દાજી ગયા, સાત ગંભીર

હાવેરી,તા. ૧૪

બેંગલોરથી મુંબઈ જતી યાત્રી બસમાં આજે સવારે ઉત્તર કર્ણાટક જિલ્લામાં વિનાશકારી આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા સાત પ્રવાસીઓના મોત થયા હતા અને અન્ય ૪૦ લોકો ઘાયલ થયા હતા. જેપૈકી છની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધવાની દહેશત પ્રવર્તી રહી છે. બનાવની જાણ થયા બાદ તરત જ બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસે આ ગમખ્વાર અકસ્માત અંગે માહિતી આપતા કહ્યું છે કે આ બનાવ હાવેરીથી આશરે ૧૪ કિલોમીટરના અંતરે સ્થિત કુનીમેલ્લી બ્રિજ નજીક બન્યો હતો. અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહો મળી આવ્યા છે. પરંતુ તેમની ઓળખ થઈ શકી નથી. કારણ કે ખરાબ રીતે દાજી ગયા છે. હાવેરીના પોલીસ અધિકારી શશી કુમારે કહ્યું છે કે આ વોલ્વો બસમાં કુલ પર યાત્રીઓ હતા અને આ બસ ગઈકાલે મોડી રાત્રે બેંગલોરથી રવાના થઈ હતી. પોલીસે કહ્યું છે કે ગંભીર રીતે ઘાયલ થયેલા યાત્રીઓને હુબલીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે જે યાત્રીઓને નજીવી ઈજા થઈ છે તે તમામને હાવેરી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બસના માલિકે વિગત આપતા કહ્યું છે કે ક્લીનર સુરક્ષિત છે. પરંતુ બે ડ્રાઈવર અંગે કોઈ માહિતી હાથ લાગી નથી. તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બે સપ્તાહ પહેલા જ બેંગલોરથી હૈદરાબાદ જતી વોલ્વો બસ અકસ્માતનો શિકાર તઈ હતી. જેમાં ૪૫ યાત્રી બળીને ભડથુ થઈ ગયા હતા. આંધ્ર પ્રદેશમાં મહેબુબનગર જિલ્લામાં રાષ્ટ્રીય હાઈ વે પર ડિવાઈડર સાથે અથડાયા બાદ તેમાં પણ આગ ફાટી નિકળી હતી. વોલ્વો બસ અકસ્માત બાદ બીજી વખત આ બસની સુરક્ષાને લઈને હવે પ્રશ્નો થઈ રહ્યા છે.

હવે ચેન્નઈ એક્સપ્રેસના રેકોર્ડને ક્રિસ-૩ તોડી દેશે

મુંબઈ, તા.૧૪

રિતિક રોશન અને પ્રિયંકા અભિનિત ક્રિસ-૩ ચેન્નઈ એક્સપ્રેસના અન્ય રેકોર્ડને તોડવાની દિશામાં પણ આગળ વધી રહી છે. આ ફિલ્મ પહેલાથી જ ૨૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ ચુકી છે. હવે તેની કમાણી ૨૧૬.૭૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. ચેન્નઈ એક્સપ્રેસે ભારતમાં ૨૨૭ કરોડની કમાણી કરી હતી. ક્રિસ-૩ આ આંકડાની બિલકુલ નજીક પહોંચી રહી છે. એમ માનવામાં આવે છે કે ક્રિસ-૩ ચેન્નઈ એક્સપ્રેસના આ રેકોર્ડને પણતોડી દેશે.



પહેલી નવેમ્બર ૨૦૧૩ના દિવસે ક્રિસ-૩ રજુ કરવામાં આવી હતી. વિશ્વભરમાં આ ફિલ્મ ધૂમ મચાવી રહી છે. ફિલ્મના તમામ કલાકારોની ભૂમિકા લોકો પસંદ કરી રહ્યા છે. આ ફિલ્મમાં રિતિક અને પ્રિયંકા ઉપરાંત કંગના રાણાવત અને વિવેક ઓબેરોયની પણ ભૂમિકા છે. ફિલ્મને બોક્સ ઓફિસ પર માત્ર ભારત માં જ નહીં બલકે વિદેશમાં પણ સારી સફળતા મળવા માટેના જે કારણો છે તેમાં એક કારણ એ પણ છે કે આ ફિલ્મનું સંગીત પણ સફળ સાબિત થયુ છે. આ ફિલ્મ બોલિવુડની સુપરહિરોની ફ્રેન્ચાઈસીસની સિક્વલ છે. અગાઉ આ નામથી ફિલ્મ બનાવવામાં આવી ચુકી છે જેને બોક્સ ઓફિસ પર સારી સફળતા મળી હતી. નિર્માતા અને નિર્દેશક તથા રિતિક રોશનના પિતા રાકેશ રોશને આ ફિલ્મ બનાવી છે. ક્રિસ-૩ને સફળતા હાથ લાગ્યા બાદ હવે તેઓ ક્રિસ-૪ પણ બનાવવા માંગે છે.

ક્રિસમસ ઉપર ખાસ ટ્રેનો દોડાવવા રેલવેનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૪

ક્રિસમસના પ્રસંગે પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં લઈને ભારતીય રેલવે વધારાની ટ્રેનો દોડાવવાની મહત્વકાંક્ષી યોજના ધરાવે છે. ક્રિસમસની રજાઓમાં ફરવા જવાની યોજના બનાવી રહેલા લોકો માટે આ સારા સમાચાર છે. તેમને લોકોના ધસારાથી બચાવવા માટે રેલવે દ્વારા ખાસ આયોજન કરવામાં આવી રહ્યું છે. હાલમાં તમામ ઝોનલ રેલવે પાસેથી આ સંબંધમાં વિગત એકત્રિત કરવામાં આવી રહી છે. દેશના તમામ હિસ્સામાં આવિશેષ ટ્રેનો દોડાવવામાં આવનાર છે. રેલવે બોર્ડના સુત્રોએ વિગત આપતા કહ્યું છે કે દરેક પ્રમુખ તહેવાર પર જે રીતે ખાસ ટ્રેનો ચલાવવામાં આવે છે છે તે રીતે જ આ વખતે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દુર્ગા પુજા, દશેરા, દિવાળી અને છઠ્ઠ પુજા માટે ખાસ ટ્રેનો ચલાવવામાં આવે છે. છઠ્ઠ પુજા માટે ચલાવવામાં આવેલી ખાસ ટ્રેનો હજુ ચાલી રહી છે. ક્રિસમસની રજાને ધ્યાનમાં લિને ઝોનલ રેલવે પાસેથી વિગત માંગવામાં આવી છે.

અહીં કેટલી સ્પેશિયલ ટ્રેનોની જરૂર રહેશે તેવી વિગત માંગવામાં આવી છે. આ અંગે તમામ માહિતી મળ્ય બાદ ખાસ ટ્રેનોની જાહેરાત કરવામાં આવશે. પરંતુ નવેમ્બરના છેલ્લા દિવસોમાં તેની જાહેરાત કરી દેવામાં આવશે. યાત્રીઓ સમયસર તેમનુ આયોજન કરી શકે તે હેતુથી વહેલી તકે જાહેરાત કરવાની તૈયારી ચાલી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ આર્થિક સંકટના કારણે કકોડી હાલતમાં રહેલા રેલવે દ્વારા વધારે કમાણી કરવાની યોજના છે. એકબાજુ આના કારણે વધારે આવક થશે બીજી બાજુ યાત્રીઓને વધારે સુવિધા પણ મળશે. વર્ષ ૨૦૧૨માં ગરમીની રજામાં ત્રણ મહિનામાં ૫૬૦૦ વધારે ટ્રેનો દોડાવવામાં આવી હતી. વર્ષ ૨૦૧૧માં આ સંખ્યા ૩૦ હજારથી ઉપર રહી હતી. વર્ષ ૨૦૧૩માં આ આંકડો ૩૦ હજારથી ઉપર રહી શકે છે.

સમાચાર ઝલક

- ♥ ફુગાવો વધતા વ્યાજદરમાં વધારો થવાનો ખતરો.
- ♥ માયાવતીને રાહત ૫૦૦૦ કરોડના ફાર્મહાઉસની ફાળવણી.
- ♥ ગ્રાન્ડ મસ્તી ફિલ્મને મળેલી અપ્રતિમ સફળતાથી વિવેક ઓબરોય ખુશખુશાલ.
- ♥ સલમાનખાનને રાજસ્થાન હાઇકોર્ટથી રાહત, વિદેશ જવાની છૂટ.
- ♥ શિયાળાના પ્રારંભે જ લસણના ભાવ આસમાને, પ્રજા પરેશાન.
- ♥ ન્યૂયોર્ક ખાતે હરાજીમાં એક પેઇન્ટીંગ રૂા.૯૦૦ કરોડમાં વેચાયું.
- ♥ ભારતીય કૂતરો એવરેસ્ટ બેઝ કેમ્પનું આરોહણ કરનાર સૌ પ્રથમ શ્વાન બન્યો.
- ♥ બિહારમાં બોદ્ધ મંદિર માટે થાઇલેન્ડથી ૩૦૦ કિલો સોનું આપ્યું.
- ♥ ભારતીય દાનવીરોની યાદીમાં વિપ્રોનાં અઝીમ પ્રેમજી મોખરે, ૮૦૦૦ કરોડનું દાન આપ્યું.
- ♥ અમેરિકાની સૌથી ઊંચી ઇમારતનો દરજ્જો મેળવતું નવું વર્લ્ડ ટ્રેડ સેન્ટર ટાવર.
- ♥ શિક્ષણ લોનમાં ડિફોલ્ટીંગ રોકવા નવી યોજના આવશે.
- ♥ દેશમાં છ કરોડ લોકો ડાયાબિટીશથી પીડાય છે.
- ♥ સીંગ તેલની ઘીમી લેવાલીથી તૂટતા ભાવો.
- ♥ નેતાઓએ પણ હવે ટોલટેક્સ ચુકવવો પડશે.
- ♥ શિયાળાનો પ્રારંભ થતાં જ તિબેટીયન માર્કેટ ઉભરાયું, ચીકીની સૌડમ પ્રસરી અનેક વેરાયટીઓ હાજર.
- ♥ પાસપોર્ટ મેળવવા પરિણીતો માટે લગ્ન પ્રમાણપત્ર ફરજીયાત.
- ♥ દેશનો યુવાવર્ગ ધીરજ ગુમાવી રહ્યો છે : મુકેશ અંબાણી.
- ♥ ડાકોરનાં રણછોડરાય મંદિરમાં આજોલ ગામના પરિવારે ૫૦ લાખનું સોનું દાન કર્યું.
- ♥ આઈડિયા સહિતની કંપનીઓએ ઇન્ટરનેટના ભાવો ઘટાડ્યા.
- ♥ પશ્ચિમ બંગાળમાં મોંઘવારીથી ભડકેલા લોકોએ શાકમાર્કેટમાં લૂંટ ચલાવી.
- ♥ શુક્રવારે શેરબજાર મોહરમને લીધે રજા પાળશે.
- ♥ આનંદો - શિયાળુ સત્રમાં આવકવેરાની મુક્તિમર્યાદા 3 લાખ થવાનાં એંધાણ.
- ♥ બુલિયન માર્કેટમાં પુનઃ મંદી.
- ♥ રામાયણ સબસે બડા સદ્‌ગુરૂ હૈ : મોરારિ બાપુ.

ટીમ ઇન્ડિયાએ તેંડુલકર જર્સી પહેરી

તેંડુલકરના સન્માનમાં ટપાલ ટિકિટ જારી થઈ

નવી દિલ્હી,તા. ૧૪

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે ક્રિકેટ ઇતિહાસમાં સૌથી મહાન ખેલાડી સચિન તેન્દુલકરને સન્માન આપવાની પરંપરાથી દૂર રહીને રાષ્ટ્રીય ટીમની જર્સીમાં બોર્ડના લોગોની નીચે સચિન રમેશ તેન્દુલકર ૨૦૦માં ટેસ્ટ લખાયુ છે. વેસ્ટઇન્ડિઝની સામે આજે શરૂ થયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમમાં નવી જર્સી પહેરીને મેદાનમાં ઉતર્યો છે. તેન્દુલકરની આ ૨૦૦મી ટેસ્ટ મેચ છે. આ અગાઉ આ પ્રકારનું સન્માન કોઈ પણ ખેલાડીને આપવામાં આવ્યુ નથી. સૌથી મહાન ખેલાડી સુનિલ ગાવાસ્કરને પણ આ પ્રકારનું સન્માન આપવામાં આવ્યુ ન હતુ. સુનિલ ગાવાસ્કરે બેંગ્લોરમાં છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી. કોમેન્ટેટરોએ પણ નવા જેકેટ પહેર્યા હતા. જેમાં એસઆરટી-૨૦૦ લખી હતી. હર્ષ ભોગલેએ આજે સોશિયલ નેટવર્કીંગ સાઈટ ટ્વિટર પર કહ્યુ હતુ કે સવારે જ નવી જેકેટ આવી ચુકી છે. બીજી બાજુ વાનખેડે સ્ટેડિયમમાં સચિનતેન્દુલકર પર ટપાલ ટિકિટ પણ આજે જારી કરવામાં આવી હતી. તેના સન્માનમાં આ ટિકિટ જારી કરવામાં આવી છે. ટોસની પ્રક્રિયા પૂરી થયા બાદ મહાન ખેલાડી પર ટપાલ ટિકિટ જારી કરવાનો નિર્ણય કરાયો હતો. મધર ટેરેસા બાદ સચિન તેન્દુલકર બીજી એવી વ્યક્તિ છે જેના નામ પર ટપાલ ટિકિટ જારી કરવામાં આવી છે.

શેરબજારમાં સાત દિવસની મંદી પર બ્રેક : ૨૦૫ પોઈન્ટનો સુધારો

મુંબઈ,તા. ૧૪

શેરબજારમાં છેલ્લા સાત દિવસથી ચાલી રહેલી મંદી પર આજે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૨૦૫ પોઈન્ટ ઉછળીને ૨૦૩૯૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૭ પોઈન્ટ સુધરીને ૬૦૫૬ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં ફરી તેજી માટે કેટલાક કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજન રૂપિયાને સ્થિર કરવા અને ઈક્વિટી માર્કેટ તથા બોન્ડ માર્કેટમાં તેજી લાવવાના પ્રયાસમાં છે. રઘુરામ રાજન આશા વ્યક્ત કરી ચુક્યા છે કે કોર ફુગાવો પણ હવે સંતોષજનક સ્થિતિમાં આવશે. બીજી બાજુ અમેરિકી ફેડરલ રિઝર્વ પાસેથી પણ નવી આશા જાગી છે. અમેરિકી જોબ ડેટાના આંકડા જારી કરવામાં આવ્યા બાદ તેની પણ અસર જોવા મળી રહી છે. વૈશ્વિક મોરચે એશિયન બજારમાં આજે બાઉન્સ બેકની સ્થિતિ રહી હતી.

આજે છ સપ્તાહની નીચી સપાટીથી એશિયન બજારમાં તેજી આવી હતી. સેક્ટર મોરચે બીએસઈ ઓટો, બેકેક્સ અને રિયાલિટી ઈન્ડેક્સમાં બે-બે ટકાનો સુધારો થયો હતો જ્યારે કેપિટલ ગુડ્સ, પાવર, મેટલ ઈન્ડેક્સમાં ૧.૪થી ૧.૮ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. હેલ્થકેર અને આઈટી સેક્ટરમાં મંદી જોવા મળી હતી. સેન્સેક્સના જે શેરમાં આજે તેજી નોંધાઈ હતી તેમાં તાતા મોટર્સ, આઈસીઆઈસીઆઈ બેંક, એલએન્ડટી, એચડીએફસી બેંક, એમએન્ડએમનો સમાવેશ થાય છે. આ તમામમાં ૩.૩થી ૫.૫ ટકા વચ્ચેનો સુધારો થયો હતો. ટીસીએસ, કોલ ઈન્ડિયા, સનફાર્મા, સિપ્લા, એચયુએલમાં ઘટાડો પણ જોવા મળ્યો હતો. તાતા મોટર્સના શેરમાં ૫.૫ ટકા સુધીનો સુધાર થતા તેની સપાટી ૩૮૫.૯૫ની સપાટીએ પહોંચ્યો હતો. કેટલાક શેરમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો જેમાં કોલ ઈન્ડિયામાં ૩.૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં સ્થિતિ સુધારવાળી રહી હતી. મિડકેપ અને સ્મોલકેપમાં આજના કારોબારમાં એક-એક ટકાનો સુધાર રહ્યો હતો. માર્કેટ બ્રિડથ હકારાત્મક રહી હતી. ૧૪૧૮ શેરમાં તેજી અને ૧૦૭૦ શેરમાં મંદી રહી હતી. છેલ્લા સાત સેશન્સમાં ઘટાડો નોંધાયા બાદ રિકવરીથી નવી આશા જાગી છે. દિવાળીના મુર્હૂત સેશન્સમાં સેન્સેક્સે ૨૧ હજારથી પણઉપરની સપાટી હાંસલ કરી હતી.

ચિંતનની વિસ્તરતી... (પાના નં.૪ નું ચાલું)

પુત્રની માતાપિતા સામે સેવાની સાધના એનો પુત્રધર્મ છે. એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરવો એ વિદ્યાર્થીનો ધર્મ છે. નીતિપૂર્વક ભણાવવું એ શિક્ષકનો ધર્મ છે.

આ બધાનો નિષ્કર્ષ માત્ર એટલો જ કે જ્યારે જે કર્મ કરવું જરૂરી હોય ત્યારે પૂરા ભાવ-ભક્તિ સાથે એ કર્મ કરવું એનું નામ ધર્મ.

સગાં-વહાલાંને રણમેદાનમાં જોઇ ગાંડીવ ત્યજી દે એવી અર્જૂનની ક્રિયાને ધર્મ ન કહેવાય.

ધર્મની પ્રતિષ્ઠા માટે અસત્ય કે અર્ધ-સત્યને વહાલું કરનાર ધર્મરાજ યુધિષ્ઠિરનું આચરણ ધર્મ કહેવાય.

પળને પારખી જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા કરવાના હેતુથી મનુષ્ય જે પણ ક્રિયા કરે તેનું નામ ધર્મ છે.

વૈશેષિક દર્શને ધર્મનો અર્થ આપતાં કહ્યું છે - યતોઽભ્યુદય નિઃશ્રેયસ સિદ્ધિઃ સ ધર્મઃ । જેના આચરણથી સર્વ પ્રકારની ઉન્નતિ અને પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય તેનું નામ ધર્મ. આના ઉપરથી સ્પષ્ટ થાયછે કે લૌકિક ઉન્નતિથી શરૂ કરીને પારમાર્થિક ઉન્નતિ સુધીની બધી જ બાબતો ધર્મમાં સમાઇ જાય છે.

ધર્મના મર્મને સારી રીતે સમજવામાં જીવન વનને જેવું નહીં, ઉપવન જેવું... મધુવન જેવું બની જશે. ચાલો, પ્રયત્ન તો શરૂ કરીએ!

● ● ●

નથી એક માનવી પાસે
બીજો માનવી હજી પહોંચ્યો
'અનિલ', મેં સાભળ્યું છે,
ક્યાનો બંધાય છે રસ્તો.

- રતિલાલ અનિલ

બિહારમાં ભગવાન રામનું સૌથી વિરાટ મંદિર બનશે

પટના,તા. ૧૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું નિર્માણ કરવા જઈ રહ્યા છે ત્યારે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર પણ હવે રાજયમાં ભગવાન રામના સૌથી મોટા મંદિરને તૈયાર કરવાની જાહેરાત કરી ચુક્યા છે. નીતિશકુમારે પૂર્વિય ચંપારણ જિલ્લાના કેસરીયામાં બનનાર વિરાટ રામાયણ મંદિરના મોડલનું અનાવરણ કર્યું છે. ગુજરાત સ્થિત દ્વારકાના શંકરાચાર્ય જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજની ઉપસ્થિતિમાં મહાવીર મંદિર સંકુલમાં રામ મંદિર મોડલનું અનાવરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ધાર્મિક ન્યાય પરિષદના અધ્યક્ષ આચાર્ય કિશોર કૃણાલે વિરાટ મંદિર અંગે માહિતી આપી હતી અને કહ્યુ હતુકે આ મંદિર ૨૮૦૦ ફુટ લાંબુ રહેશે અને તેની પહોળાઈ ૪૦૫ ફુટ રહેશે. ૨૫ હજાર શ્રદ્ધાળુઓ એક સાથે પુજા કરી શકશે. મંદિરના નિર્માણ પણ ૩૦૦થી ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આનું નિર્માણ લોકોની મદદ મારફતે કરાશે.

અશ્વિન સૌથી ઓછી ટેસ્ટમાં ૧૦૦ વિકેટ લેનાર ભારતીય

નવી દિલ્હી,તા. ૧૪

ઓફ સ્પિનર રવિચંદ્ર અશ્વિન વેસ્ટઇન્ડિઝના કેપ્ટન ડેરેન સમ્મીને આઉટ કર્યા બાદ પોતાની ૧૦૦મી ટેસ્ટ વિકેટ લઈ લીધી હતી. સૌથી ઓછી મેચોમાં આ સિદ્ધિ મેળવનાર અશ્વિનથી હાલમાં ભારતીય ક્રિકેટ ચાહકો ભારે પ્રભાવિત છે. અશ્વિને દેવનારાયણના રૂપમાં પોતાની ૯૯મી વિકેટ ઝડપી હતી. ત્યારબાદ સમ્મીને પવેલિયન ભેગા કરીને પોતાની ૧૦૦મી ટેસ્ટ વિકેટ ઝડપી હતી. અશ્વિને ૧૮મી ટેસ્ટ મેચ રમતા ૧૦૦ વિકેટની સિદ્ધિ ઝડપી હતી. આ અગાઉ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ૧૦૦ વિકેટ લેવાનો રેકોર્ડ ઈરાપલ્લી પ્રસન્નાના નામે હતો. પ્રસન્નાએ ૨૦ ટેસ્ટ મેચોમાં ૧૦૦ વિકેટની સિદ્ધિ મેળવી હતી. વિશ્વભરના બોલરોમાં અશ્વિન ઓછી મેચોમાં ૧૦૦ વિકેટ લેનારની યાદીમાં પાંચમા સ્થાન પર છે. ઈંગ્લેન્ડના જ્યોર્જ લોહમને માત્ર ૧૬ ટેસ્ટ મેચમાં ૧૦૦ વિકેટ ઝડપી હતી જ્યારે ઓસ્ટ્રેલિયાના ચાર્લી ટર્નર, ક્લેરીગ્રિમેટ તથા ઈંગ્લેન્ડના સિડની બર્ન્સે ૧૭મી ટેસ્ટમાં ૧૦૦ વિકેટ ઝડપી હતી આ પૈકી એક માત્ર ગ્રિમેટ જ સ્પિનર છે. ભારત તરફથી ૨૫ અથવા તેનાથી ઓછી ટેસ્ટ મેચોમાં ૧૦૦ વિકેટ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલે, સુભાષ ગુપ્તે, ચંદ્રશેખર, પ્રજ્ઞાન ઓઝા, વિનુ માંકન, કપિલ દેવ અને હરભજનસિંહના નામે છે. કપિલ દેવે ૨૫ ટેસ્ટ મેચમાં ૧૦૦ વિકેટની સિદ્ધિ મેળવી હતી જ્યારે અનિલ કુંબલેએ ૨૧ મેચમાં, સુભાષ ગુપ્તે, ચંદ્રશેખર, ઓઝાએ ૨૨ મેચોમાં ૧૦૦ વિકેટની સિદ્ધિ મેળવી હતી. હરભજનસિંહે ૨૫ ટેસ્ટ મેચમાં ૧૦૦ વિકેટ પોતાના નામ પર કરી હતી. અશ્વિન ભારત તરફથી એક ઘાતક સ્પિન બોલર તરીકે ઉભરી રહ્યો છે. અશ્વિને બે વર્ષ પહેલા વેસ્ટઇન્ડિઝની સામે રમીને ટેસ્ટ ક્રિકેટમાંએન્ટ્રી કરી હતી. અશ્વિને હજુ સુધી નવ વખત ઈનિંગ્સમાં પાંચ અથવા તેનાથી વધુ વિકેટ લઈ ચુક્યો છે જ્યારે બે વખત મેચમાં ૧૦ અથવા તેનાથી વધુ વિકેટ લઈ ચુક્યો છે. ભારત તરફથી તે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ વિકેટ લેનાર ૧૯મો બોલર અને ૧૩મો સ્પિનર બન્યો છે.